સને ૨૦૧૫-૨૦૧૬ ના વર્ષના અંદાજપત્રમાંથી માહે માર્ચ-૨૦૧૬ના માસ માટેની આયોજન હેઠળની (કેન્દ્રીય પુરસ્કૃત યોજના) ગ્રાન્ટ ફાળવવા બાબત......
માંગણી ક્રમાંક: ૯૬ (આદિજાતિ વિકાસ વિભાગ)
(આયોજન હેઠળ)

ગુજરાત સરકાર
નર્મદા, જળસંપતિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ,
યાદી ક્રમાંક : બીયુડી/૧૦૨૦૧૫/૨૦૮/ખ-૩
સચિવાલય, ગાંધીનગર
તારીખ :૨૨-૦૩-૨૦૧૬

વંચાણે લીધો –

(૧) ભારત સરકારનાં તા.૧૬/૦૨/૨૦૧૬નાં પત્ર ક્રમાંક ;Q-16011/2/2015-SATE/138
(૨) આદિજાતિ વિકાસ વિભાગના ઓનલાઈન ઠરાવ ક્રમાંક:-બીયુડી/૧૦૨૦૧૫/સ્ટેટ/૯૬/૪૦ ના તા.૧૭/૦૩/૨૦૧૬

યાદી : -

આમુખમાં ઉપર દર્શાવેલા આદિજાતિ વિકાસ વિભાગના વંચાણે લીધા ઠરાવથી સને ૨૦૧૫-૧૬ ના માર્ચ-૨૦૧૬ના માસ માટે માંગણી ક્રમાંક : ૯૬, મુખ્ય સદર – ૪૨૧૫ માં આયોજન હેઠળ કેન્દ્ર પુરસ્કૃત યોજના હેઠળ રૂ.૨૪૬.૬૪ લાખની (અંકે રૂપિયા બે કરોડ છેતાલીસ લાખ અને ચોસઠ હજાર પુરા) ગ્રાન્ટ પાણી પુરવઠા પ્રભાગના હવાલે મુકવામાં આવેલ છે. ઉક્ત ગ્રાન્ટ ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ, ગાંધીનગરને નીચે જણાવેલ વિગતવાર સદરોએ કેન્દ્ર પુરસ્કૃત યોજનાઓમાં ખર્ચ કરવા ફાળવવા ઉપાડ અને વહેચણી અધિકારી, નર્મદા, જળસંપતિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ, ગાંધીનગર હસ્તક મુકવામાં આવે છે.

## ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ, ગાંધીનગર

( રૂપિયા લાખમાં )

| અ.નું | વિગતવાર સદર | માર્ચ-૨૦૧૬ના માસ માટે આયોજન હેઠળ | રકમ શબ્દોમાં |
|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ |
| | માંગણી ક્રમાંક - ૯૬ (આયોજન હેઠળ) (કેન્દ્રીય પુરસ્કૃત યોજના) | | |
| ૧ | મુખ્ય સદર - ૪૨૧૫ પાણી પુરવઠો અને સ્વચ્છતા અંગે મૂડી ખર્ચ જોગવાઈ<br>પેટા મુખ્ય સદર - ૦૧ પાણી પુરવઠો<br>ગૌણ સદર - ૭૯૬ આદિજાતિ વિસ્તાર પેટા યોજના<br>પેટા સદર - ૦૧ ડબ્લ્યુ.એસ.એસ.-૪૭ ગ્રામીણ પાણી પુરવઠાની સરકારી યોજનાઓ (પીવાનું પાણી)<br>વિગતવાર સદર - ૦૦<br>હેતુ સદર - ૬૦૦૦ અન્ય મૂડી ખર્ચ<br>હેડ ચાર્જેબલ – ૪૨૧૫ ૦૧ ૭૯૬ ૦૧<br>સ્કીમ કોડ - ૧૨૭૨૭૭ | ૧૪૯.૮૮ | અંકે રૂપિયા એક કરોડ ઓગણપચાસ લાખ અને અઠયાસી હજાર પુરા |
| ૨ | મુખ્ય સદર - ૪૨૧૫ પાણી પુરવઠો અને સ્વચ્છતા અંગે મૂડી ખર્ચ જોગવાઈ<br>પેટા મુખ્ય સદર - ૦૧ પાણી પુરવઠો<br>ગૌણ સદર - ૭૯૬ આદિજાતિ વિસ્તાર પેટા યોજના<br>પેટા સદર - ૦૬ રાષ્ટ્રીય ગ્રામીણ પેય જળ યોજના – રણ વિસ્તાર વિકાસ કાર્યક્રમ ક્ષેત્ર<br>વિગતવાર સદર - ૦૦<br>હેતુ સદર - ૬૦૦૦ અન્ય મૂડી ખર્ચ<br>હેડ ચાર્જેબલ – ૪૨૧૫ ૦૧ ૭૯૬ ૦૬<br>સ્કીમ કોડ - ૩૨૫૭૫૩ | ૯૬.૭૬ | અંકે રૂપિયા છન્નું લાખ અને છોતેર હજાર પુરા |
| | કુલ સરવાળો.... | ૨૪૬.૬૪ | |

શરતો :-

1. સને ૨૦૧૫-૧૬ ના વર્ષમાં કરવામાં આવેલ બજેટની જોગવાઈ પરત્વે ફાળવેલ ગ્રાન્ટની મર્યાદામાં રહીને જેતે હેતુસર ગ્રાન્ટ ફાળવવામાં આવી હોય તે હેતુસર જ ખર્ચ કરવાનો રહેશે. ફાળવેલ ગ્રાન્ટ કરતા વધુ ખર્ચ થશે તો તેની જવાબદારી નિયંત્રણ અધિકારીની રહેશે.
2. આ અંગેનો ખર્ચ સને ૨૦૧૫-૧૬ ના વર્ષની મંજુર થયેલ ગ્રાન્ટ સામે ઉધારવાનો રહેશે.

3. આ યોજનાના ખર્ચ/બચત અંગે ઉપસ્થિત થનાર એ.જી.ના ઓડીટપારા અન્વયેના ખુલાસાઓ પણ પાણી પુરવઠા વિભાગને કરવાના રહેશે.
4. ઉપરોક્ત સૂચનાઓનું ચૂસ્તપણે પાલન થાય તે જોવા સંબંધિત નિયંત્રણ અધિકારી/ખાતાના વડાઓ/કચેરીના વડાઓ તેમજ પગાર અને હિસાબી અધિકારી, તિજોરી અને પેટા તિજોરી અધિકારીઓને આથી જણાવવામાં આવે છે.
5. ફાળવેલ ગ્રાન્ટ જે તે હેતુ માટે વાપરવામાં આવી હોય છે તે અંગેનું ઉપયોગીતા પ્રમાણપત્ર ફ ઉપાડ અને વહેચણી અધિકારીને મોકલ્યા બાદ જ નવી ગ્રાન્ટ ફાળવવામાં આવશે.
6. ગ્રાન્ટ ફાળવણીના સંદર્ભમાં ખરેખર ખર્ચની માહિતી પછીના માસની ૧૦ તારીખ સુધીમાં સમયસર પુરતી ચોકસાઈથી તૈયાર કરીને વિભાગને અચૂક મોકલવાની રહેશે. જેથી ભવિષ્યમાં ઓડીટપારા ઉદભવે નહિ.
7. ફાળવેલ ગ્રાન્ટમાંથી અંદાજપત્રમાં જોગવાઈ કર્યા પ્રમાણેના બધા જ વિગતવાર સદરોએ ખર્ચ કરવાનો રહેશે.
8. આમુખમાં દર્શાવેલ સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ (આદિજાતિ વિકાસ વિભાગ) ના તા.૧૭-૦૩-૨૦૧૬ ના ઠરાવમાં દર્શાવેલ શરતો પણ ધ્યાને લેવાની રહેશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તમના નામે.

સેક્શન અધિકારી
નર્મદા, જળસંપતિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ

પ્રતિ,

૧. ખાસ ફરજ પરના અધિકારી (પા.પુ.), નર્મદા, જળસંપતિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
૨. સભ્ય સચિવશ્રી, ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ, ગાંધીનગર.
૩. નાણાંકીય નિયંત્રકશ્રી, ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ, ગાંધીનગર.
૪. સીસ્ટમ મેનેજરશ્રી, કોમ્પ્યુટર સેલ, ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ, ગાંધીનગરને વિભાગની વેબસાઈટ પર અપલોડ કરવા સારૂ.

<u>નકલ રવાના</u>

૧. એકાઉન્ટન્ટ જનરલશ્રી, ગુજરાત. અમદાવાદ/ રાજકોટ.
૨. મુકામી અને તપાસણી અધિકારીશ્રી, ગાંધીનગર.
૩. ઉપસચિવશ્રી (બજેટ), નાણા વિભાગ, ક – શાખા, સચિવાલય, ગાંધીનગર.
૪. ઉપસચિવશ્રી, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ (આદિજાતિ વિકાસ વિભાગ), સચિવાલય, ગાંધીનગર
૫. જીલ્લા તિજોરી અધિકારીશ્રી, ગાંધીનગર.
૬. નાયબ સેક્શન અધિકારી.
૭. પસંદગી ફાઈલ.